## એક હુરતી હઝલ

*પત્નીને પહતાયા તો કે'ટોની
વાહણ જો અથડાય તો કે'ટોની
અમના તો કે'ટો છે પાપણ પર ઉચકી લેમ
પછી માથે ચડી જાય તો કે'ટોની
અમના તો પ્યાર જાણે રેહમની દોરી
એના પર લુગડા હુકવાય તો કે'ટોની
"એની આંખોના આભમાં પંખીના ટોળા"
પછી ડોળા દેખાય તો કે'ટોની
હમ,તુમ ઔર ટન્હાઇ, એ બધુ ઠીક મારા ભાઇ
પછી પોયરા અફ્રાય તો કે'ટોની-------- લેખકઃઅજ્ઞાત

## *હુરતી હઝલના જવાબમા

પહતાયા પછી પસડાય તો કે'ટોની
પછી વાહણ ફુટી જાય તો કે'ટોની
પાપણ ઉસકી લીધા પછી
ટાલ પડી જાય તો કે'ટોની
તારી રેહમની દોરી કોઇ લુટી જાય ને
તારા પોતીયા ઢીલા થાય તો કે'ટોની
પંખીના ટોળા આંખમાં ડંખી જાય
ને ડોળા ફાટી જાય તો કેટોની
હમ,ટુમ,ટન્હાઇ બધી બાથરૂમમા ન્હાય
વગર જણ્યે હુવાવડ થાય તો કે'ટોની__________ લેખકઃવિપુલ દેસાઇ

પ્રભુ તારી લીલા પણ ખરી છે

*ઉંદર  બિલાડીથી ગભરાય છે
બિલાડી કુતરાથી ગભરાય છે
કુતરો માણસથી છે ગભરાય છે
માણસ બૈરીથી ગભરાય છે
બૈરી ઉંદરથી ગભરાય છે ------ લેખકઃવિપુલ દેસાઇ

*રાવણની લંકા સળગાવી
પ્રેમનુ પ્રતીક સાબિત કરવા
હનુમાનજીએ સીતાજીને ઉગાર્યા
પરંતુ તમે!
મારા દીલની દુનીયા સળગાવી
મારા હ્દય મહેલને ખાક ક્ર્યો
કોક'દી એની રાખ,કામ આવશે
તમારા કો ઘા પર ઘા બાજરીયુ બનવા - વીપુલ દેશાઇ

પ્રેમમાં કયાં જાણકારી જોઇએ?
બસ, હદય વચ્ચે કટારી જોઇએ
શ્રીહરિ ને પ્રેમીમાં છે સામ્યતા,
બેઉ જણ માટે પુજારી જોઇએ...!! લેખકઃ અજ્ઞાત

## અમેરીકા રહેવામા મારુ હીત નથી

હુ એય જાણૂ છુ કે અમેરીકા રહેવામા મારુ હીત નથી
ઇચ્છા થાય છે અમેરીકાના અનુભવો લખુ તમને
શુ લખુ અહીયા સંસ્કાર કે સંસ્કુતિ સંકલિત નથી.
મને ઘણૉ થાય છે વતન છોડ્યાનો અફ્સોસ હવે
હિમાલય છોડીને સ્નોના ઢગલા મેળવામા કાઇ જીત નથી.

અમેરીકન રેપ સોંગ સાંભળીને કાન ને એઠા કરવાના
અહીંયા નરસિંહ મીરા ના પ્રભાતિયા કે ભજન સંગિત નથી.
સંતાનો ના ઉછેરીકરણ નોય અહીંયા હોય છે હિસાબ કિતાબ
અહીયા ભરતીય માબાપ જેવુ ઉદારીકરણ ગણિત નથી
બદલાતી ફેશનના નખરા અહીંયા હોય છે નિત્ય નવા
સ્રીના બાહ્ય સૌદર્ય જેટ્લુ આંતરીક સૌદર્ય ચકચકીત નથી.
પ્રેમ વિસ્વાસ અને અનુકુલીન આધરીત સંબધો નથી
ઇન્ડીયન કલ્ચર જેવુ લગ્નજીવન અહીંયા વ્યવસ્થિત નથી
દુઃખી થવાની ઘણીજ રીતો હશે દુનિયા મા હે પ્રભુ
મનને મારીને જીવ્યાકરવુ એ સારી રીત નથી - જયકાંત જાની

જે દેશનો રોટલો ખાવો છે-તેને ગાળો ભાંડવી ઠીક નથી.
વતનને તરછોડી આવ્યા છો જાતે હવે રોદડાં રડવા ઠીક નથી.
લો કટના બ્લાઉઝ અને ખુલ્લા પેટ ગુજરાતમાં જોયા પછી,
અમેરિકાની સંસ્કૃતિની વાતો કરવી ઠીક નથી.
સરસ્વતી મંદીરોમા જયાં વિદ્યાર્થીનીઓ સેઇફ નથી,
ત્યાં રોજે સંસ્કૃતિના બણગાં ફૂંકવા ઠીક નથી.
બોલિવુડના બિભત્સ નૃત્યોને રોજ ટીવી પર જોયા પછી,
મનમાં ગમતી-અમેરિકાની ફેશન વખોડવી ઠીક નથી.
જયાં ઘરડાંઘર નીત નવા બંધાતા હોય ત્યાં,
ભારતિય માબાપોની સેવા કરતાં શ્રવણોની વાતો ઠીક નથી.
મહારાજો ,બાબાઓ,ઠાકરેઓ,ભાઇઓ નો. દેશ છોડી આવ્યા પછી,
હવે ઓબામાને ગાળો દેવી ઠીક નથી.
જે માને તમે તરછોડીને આવ્યા છો તે હજુ ત્યાં જ છે,
પાછા પહોંચી જાવ કોઇ રોકે નહી મગરના આ આંસુ ઠીક નથી. - હરનિશ જાની-યુ.એસ.એ

## હરનિશ જાનીને વિનોદ પટેલ અમારો જવાબ

જે દેશનો રોટલો ખાધો તેને ગાળો ભાંડવી ઠીક નથી

તો,દુનિયાના પોલીસમેન બનનારની ભાટાઇ કરવી પણ ઠીક નથી

સત્ય,અહિંસા એ તો ભારતભૂમિના પ્રિય છોરૂ છે

દુનિયાને નગ્નતામા પલટનારના આજે તમે છોરૂ છો

લો કટના બ્લાઉઝ અને ખુલ્લા પેટ તમે જોયા

અમેરિકન કપૂતોને એ આ દેશમા લાવતા જોઇ અમે રોયા

બિભત્સ નૃત્યો ન્હોતા જોતા કે અમારી સંસ્કતી નથી ખોતા

ત્યાંથી બધુ અહી લાવી, અમારી સુંદર સંસ્કતીને લજાવી

મા મૂળો ને બાપ ગાજર,એ અમેરિકન ફેશન અમને નથી ગમતી

અમને દુઃખ છે કે તમારી પેઢીઓ એમા થઇ જશે રમતી

ઓ બા! ઓ મા! ના ભણકારા તમારા કાનમાં સતત વાગે છે

અહી ઘરડા ઘરો તમારા મા-બાપની ચીસોથી ગાજે છે

ઘરડા ઘરો નથી અહી અમને કોઇને પોષાતા

ઇન્ડીયન-અમેરિકનના મા-બાપ ત્યાં છે શોષાતા!

મહારાજો,બાબાઓ,લાલુઓ,ઠાકરે અને ભાઇઓથી ભરેલો આ દેશ છે

વીએટનામ,કંમ્બોડીયા,ઇરાકની લાશો પર મહેફીલ માણતો તમારો દેશ છે

સંજોગોને આધિન અમારા મગરના આંસૂઓ જો ઠીક નથી

તો અમેરિકાના અમીચંદોની આ ભાટાઇ પણ ઠીક નથી

ઇકોનોમિ ખરાબ થતા માતૃભુમિને યાદ કરશો

સોસિયલ સીક્યુરીટી જતાં કોને ફરિયાદ કરશો

આખરે એક ગુજરાતી કવિતા યાદ આવે છે

ઉંટ કહે આંસ મામા, પોપટની ચાંચ વાંકી,બગલાની ડોક વાંકી

એ જોઇ શિયાળ બોલ્યું, આપના તો અઢારે અઢાર અંગ વાંકા છે?

માટે તમે અમેરિકન સીટીઝનો,તમારા અઢાર અંગો વાંકા છે તેની ચિંતા કરો

"અમેરિકન પરેશાન ક્યો, સારી દુનિયાકી ફીકર"

આપ આપકી સંભાલીયે,હમ હમારી ફોડેંગે

વિનોદ પટેલ

(નોધઃ ભૂદેવો તો ભારતીય સંસ્કૃતિનું નાક હતા...સંસ્કૃતિના ભામાશા હતા. પરંતુ ચંદ રૂપિયા માટે પોતાની માને ભાંડનારા થોડા ભૂદેવો અમેરિકામાં ગુજરાતના નાથ બનવાનો પ્રયત્ન કરે એ આડંબર નહીતો બીજું શું છે? એ તો ઠીક આજ લોકોને પાછો માતૃભૂમિના ઇલકાબ સ્વીકારવાનો ઘણોજ શોખ છે!!!)-વિનોદ પટેલ

પ્રેમ મા એક ગોટો નિકળ્યો, ધાર્યા કરતા બહુ મોટો નિકળ્યો,
આખી દુનિયા સાથે એક્લે હાથે લડી લેત, પણ નશીબ એવા કે પોતાનો રૂપિયો ખોટો નીકળ્યો –
અજ્ઞાત

મ્હેકે ભલે ને સ્પર્શનાં ફૂલોની ચાંદની
આંખોથી અંધકારનું રેશમ સરી નજાય - લેખકઃ અજ્ઞાત

સ્પર્શી લે છેક મૌનનાં તળિયાને આજ તો
વાણી,અવાજ,શબ્દ સ્વરથી બહાર આવ- લેખકઃ અજ્ઞાત

સાગરની લહેરોને જોઈને વિચાર આવે છે કે

લહેરો કિનારાને અથડાઈને પાછી કેમ ફરે છે!
તે કિનારા સાથે બેવફાઈ કરે છે કે પછી
સાગર સાથે વફાદારી નિભાવે છે? – વિપુલ દેસાઇ

*પ્રવાસમાં ભક્તિ ભળે ત્યારે યાત્રા બને
ભોજનમાં ભક્તિ ભળે ત્યારે પ્રસાદ બને
શ્રમમાં ભક્તિ ભળે ત્યારે શ્રમયજ્ઞ બને
નિરાહારમાં ભક્તિ ભળે ત્યારે ઉપવાસ બને
મકાનમાં ભક્તિ ભળે ત્યારે મંદિર બને
નદીમાં ભક્તિ ભળે ત્યારે માતા બને
પત્થરમાં ભક્તિ ભળે ત્યારે શાલીગ્રામ બને
શબ્દમાં ભક્તિ ભળે ત્યારે પ્રાર્થના બને
ત્યાગમાં ભક્તિ ભળે ત્યારે આનંદ પ્રગટ થાય-અજ્ઞાત

અંધશ્રદ્ધા છે આંધળી..

અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે;
અતીશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાંનાં વાવેતર કરે.

યુરોપે અટપટાં યંત્રો શોધી ફીટ કર્યાં ફૅક્ટરીમાં;
આપણે સીદ્ધીયંત્રો બનાવી, ફીટ કર્યાં ફોટામાં.

પશ્ચીમે ઉપગ્રહ બનાવી, ગોઠવી દીધા અંતરીક્ષમાં;
આપણે ગ્રહોના નંગ બનાવી, મઢી દીધા અંગુઠીમાં.

જાપાન વીજાણુ યંત્રો થકી, સમૃદ્ધ બન્યું જગમાં;
આપણે વૈભવલક્ષ્મીનાં વ્રતો કરી, ગરીબી રાખી ઘરમાં.

અમેરીકા વૈજ્ઞાનીક અભીગમથી બળવાન બન્યો વીશ્વમાં;
આપણે અંધ કર્મકાંડો થકી, કંગાળ બન્યા દેશમાં.

એડવર્ડ જેનરે રસી શોધી, શીતળા નાબુદ કર્યા જગમાં;
આપણે શીતળાનાં મંદીર બાંધી, મુર્ખ ઠર્યા આખા જગમાં.

પર્યાવરણ–પ્રદુષણથી જયારે જગત આખું છે ચીંતામાં;
આપણે વૃક્ષો જંગલો કાપી, લાકડાં ખડક્યાં ચીતામાં..

વાસ્તુશાસ્ત્રનો દંભ ને વળગાડ, લોકોને પીડે આ દેશમાં;
ફાલતુશાસ્ત્ર છે એ, છેતરાશો નહીં, ઠગનારા ઘણા છે આ દેશમાં.

સાયંટીફીકલી બ્લડ ચૅક કરી, ઍંગેજમેન્ટ કરે પશ્ચીમમાં,
સંતાનોને ફસાવી જન્મકુંડળીમાં, લગ્નકુંડાળાં થાય આ દેશમાં.

લસણ–ડુંગળી–બટાકા ખાવાથી પાપ લાગે આ દેશમાં,
આખી ને આખી બેન્ક ખાવા છતાં પાપ ન લાગે આ દેશમાં.

અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે;
અતીશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાંનાં વાવેતર કરે. - લેખકઃ અજ્ઞાત

**શાંત નદી સમજી તમને**
**પ્રેમના પ્રવાહમા મે ઝંપલાવ્યુ**
**ખબર હતી છતા બેખબર બન્યો**
**"શાંત પાણી હંમેશા ઉંડા હોય છે"**
**પૂર કેમ ઉમટી આવ્યુ આ પ્રવાહમાં**
**હુ ડુબવા લાગ્યો લાગણીઓના વમળમાં**
**એક આશાએ તરી રહ્યો છુ**
**કિનારો મને મળી રહેશે - વિપુલ દેસાઇ**

આજે દુનિયામાં કેટલું ઝેર છે,
કોણ જાણે લોકોને મારાથી શું વેર છે ?
મારી કબર પર લીલું ઘાસ જોઇને કહે છે લોકો,
...આને તો મર્યા પછી પણ લીલા લહેર છે લેખકઃ અજ્ઞાત

વર્ષા ઋતુના આગમનને સૌ એ વધાવી લીધું
પુષ્પો એ ખીલીને ધરતી સજાવી દીધી
પરંતુ,
પાનખરના આગમને દવ લગાડ્યો આ બાગમાં
અરે!
મુજ અબુધને ક્યાં ખ્યાલ હતો, તેથી જ તો
શીશીરમા મે પ્રેમના બીજ રોપી દીધા
વર્ષાના આગમનની રાહ જોતો હતો
સુંદર ફુલોના બાગની કલ્પનામા રાચતો હતો
પરંતુ,
વર્ષાની હેલી આવી નહી મુજ જીવનમા
મારા પ્રેમમા પાનખર આવી ગઇ
મારા આશા ભર્યા શમણા, એ પાનખરમા ખરી ગયા,
મુજ હ્રદયની આગમાં ભસ્મીભુત થઇ ગયા.-------વિપુલ દેસાઇ

માનવીએ રિવાજ રાખ્યો કફન માટે નવા કાપડનો કારણકે
ઉપર જઇને કોઇ એમ નહી કહે કે  મને ન મળ્યું નવું કાપડ –અજ્ઞાત

ધરો ધીરજ, વધુ પડતો પ્રણય સારો નથી હોતો, અતિ વરસાદ કૈ ખેડુતને પ્યારો નથી હોતો
ઘણાય એવા તોફાનો ઉઠે છે મનની નગરીમા કે જેનો કોઇ અણસારો કે વરતારો નથી હોતો
લેખકઃ અજ્ઞાત

કલાકાર હાથો વડે જીવનને શણગારે
કલાકારિતાના અનેક પક્ષ છે,
પરંતુ દરેકની વ્યાખ્યા એક જ છે કે
અણગઢને સુગઢમાં બદલી દેવામાં આવે.
કુંભાર નકામી માટીને રમકડાંમાં બદલી નાખે છે.
સોની ધાતુના ટુકડામાંથી ઘરેણા બનાવી દે છે.
લોખંડને ઓગાળનારા તેના ઉપયોગી દાગીના
ભાગ બનાવીને સુંદર મશીન ઉભું કરી દે છે.
શિલ્પી પત્થરના નાના મોટા ટુકડાઓને છીણી
હથોડીની મદદ વડે દેવપ્રતિમાઓમાં બદલી નાખે છે.
સૌજન્યતા-આદરણીયશ્રીકાંતિભાઈ. કરશાળા

નાના-મોટોઓને કોમ્પ્યુટર પર બેસતા કરી દીધા!
'સેલ-ફોન' પર શાકભાજી પણ વેચતા કરી દીધા!

ટેક્નોલોજી તો ભઇ વધી રહી છે જુઓ ચારે કોર,
ગુણાકાર ને ભાગાકાર બધાના ભૂલતા કરી દીધા!

સવારના પહોરમાં નિયમિત ન્હાવાનુ જે છોડીને,
'ઇમેલ'ના સરોવરમાં ડૂબકી મારતા કરી દીધા!

ખાવાનો ચસ્કો બધાનો જુઓ વધતો જાય છે આજે,
'સ્પેસ'માં સુનીતાને પણ સમોસા ખાતા કરી દીધા!

પૈસા પડાવનાર પાત્રો વધી રહ્યા જુઓ અહિ પણ?
વિમાનો ને વહાણો ઉપર કથાઓ કરતા કરી દીધા!

સમયની મારામારી વધી ગઈ છે ઘેર ઘેર આજે તો,
સડાસમાં 'સેલ્યુલર'પર વાતો પણ કરતા કરી દીધા!

'લેક્સસ' ને 'મરસીડીઝ'માં આમતેમ ફરો છો તમે,
અમારા અવસરો પર મોડા કેમ આવતા કરી દીધા?

કથાઓ કરાવીને પણ વ્યથાઓ કોઈની ઘટી નથી,
ક્લેશો કુટુંબો વચ્ચેના ભઇ કેમ વધારતા કરી દીધા?

હાથ લંબાવતું નથી કોઇ સહારો આપવા માટે તો,
ઇર્ષામાં એક બીજાના જૂઓ પગ ખેંચતા કરી દીધા!

સ્મશાન વૈરાગ્ય આવવો શક્ય નથી 'ચમન' હવે? '
ઇલેક્ટ્રીક' ભઠ્ઠામાં મડદાં પણ બળતા કરી દીધા! -ચિમન પટેલ ( ચમન )

દર્પણમાં કેમ ઘડી ઘડી જુઓ છો
તમે તો છો ઇન્દ્રની પરી
તમારા રૂપમાં ક્યાંય ખામી નથી
દર્પણમા શુ નીહાળો છો વારંવાર
તમારા હ્રદયનું પ્રતીબીંબ શોધો છો
હ્રદયનું ઢાકણ શોધો છો?
રખે, લાગણીના પુર ઢાકણ ખોલી નાંખે
હું તો મુર્ખ છું,
તમારૂ જોઇ દર્પણ નીહાળવા ગયો
મારા હ્રદયનું પ્રતીબીંબ જોવા ગયો
આ પામર જીવને ક્યાંથી ખબર હોય કે
તુટેલા હ્રદયના પ્રતીબીંબ નથી હોતા--------વિપુલ દેસાઇ

## સગા સગા સૌ શું કરો છો?

**સગા તો સ્મશાનેથી પાછા વળી જાય છે,સાચા સગા છે જંગલના લાકડા જે સાથે બળી જાય છે.
છૂટેના શ્વાસ છેલ્લા ત્યાં સુધી સૌ આશા રાખે છે,દગા અને દુવામાં લોકો ખુબ વિશ્વાસ રાખે છે.
ઉઘાડી આંખથી નિસ્બત છે દુનિયાને દોસ્તો, બાકી જરૂરતથી વધુ વધારે કોણ રાખે છે ઘરમાં લાશ લોકો?**

**મરનારની ચિતા પર ચાહનાર કોઇ ચડતું નથી, કહે છે હું મરી
જઇશ પણ સળગતી લાશને કોઇ અડતું નથી.
જુવે છે દેહને બળતો આગમાં પણ તેમાં કોઇ પડતુ નથી,
આગમા તો શુ પડે એની રાખને પણ કોઇ અડતું નથી
પંખી સમજે છે કે ચમન બદલાયું છે,સિતારા સમજે છે કે ગગન બદલાયું છે
પણ,સ્મશાનની ખામોશી ચીસો પાડીને કહે છે કે લાશ તો એની એ જ છે,ફક્ત કફન બદલાયું છે.-
અજ્ઞાત**

પ્યાસો હતો હું, પ્યાસ છીપાવવા ચાહતો હતો
સમુદ્રનું સાનીધ્ય શોધ્યું,
પણ તેના જીવનમાં ખારાશ હતી
હસ્યો એની ખારાશ પર ત્યાં તો
તમે મને આવકાર્યો
પ્યાસ છીપાવવા હું આકર્ષાયો
તમે મને એ કેડી બતાવી
રણ મધ્યે મને જળ બતાવ્યું
જળની શોધમા ત્યાં ગયો તો એ મ્રુગજળ નીકળ્યું
તમારો સહારો શોધવા પાછો ફર્યો,
ત્યાં તો તમે તમારી પ્યાસ છીપાવી લીધી---------વિપુલ દેસાઇ

ચિત્તભ્રમ ચિત્તને રોકી લે, હવે એ નહી મળે
આતમનો અગ્નિઠાર, હવે એ નહી મળે
હાસ્યમા જે ન આવ્યા, શું આવે ગમગીનીમા
થઇ ગયો છે અંધકાર, હવે એ નહી મળે
પથ ન પકડી શક્યા જે, પ્રણય ભીની પાંપણનો
ખુટી ગઇ છે અશ્રુધાર, હવે એ નહી મળે
આતમ! ખોટા છે વલખા મેળવવાના એને
તોડી ગયા જે હ્રદયદ્વાર, હવે એ નહી મળે
થાકી ગયા છે નયનો, ખુટી ગયા છે સ્વપ્નો
આરામ કરી લે આંખડી, હવે એ નહી મળે
ધન જોતા પીગળતી પ્રીતીની જોઇલે મઝા
જેની છે ફરી-યાદ, હવે એ નહી મળે
તણખો નથી નશીબમા રહ્યો, હવે અગ્નિદાહ માટે
છૂટાકર બંધન દેહના, હવે એ નહી મળે-----------અજ્ઞાત

**ગુસ્સો તમારો અમારે માટે સારો નથી**
**મ્રુત્યુ પછી મળવા,બીજો કોઇ કિનારો નથી**
**છતાં તમે મળવા જ માંગો છો,તો જાણી લો કે**
**ચાર કાંધે ચડનારને,પછી કોઇનો સહારો નથી! - વિપુલ દેસાઇ**

**વૃક્ષના મૂળમાં બ્રહ્મા,**
**છાલમા વિષ્ણું ડાળીઓમાં રુદ્ર તથા મહેશ**
**તેમજ પાને પાને દેવતાઓનો નિવાસ છે.**
**વૃક્ષરાજને હંમેશા નમસ્કાર કરો...!! લેખકઃ અજ્ઞાત**

# હે પ્રભુ !

સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ
કામ અતિશય મુશ્કેલ લાગતુ હોય ત્યારે
ખંતથી તેમા લાગ્યા કેમ રહેવું તે મને શીખવ
ક્ઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ
પ્રલોભનો,પ્રશંસા,ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ
ચારે બાજુ મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રધ્ધા ડગુમગુ થઇ જાય, નિરાશાની ગર્તામાં
મન ડુબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી
તારી ક્રુપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ

કેવા છો તમે?
ઘડીમાં હસાવો છો તમે,ઘડીમાં રીસાવો છો તમે
ઘડીમાં મનાવો છો તમે,તો ઘડીમાં બનાવો છો તમે
કેવા છો તમે?
નથી કશુ બોલતા તમે ,નથી કશું સાંભળતા તમે
નથી કશુ સુઝાવતા તમે, મનમાં જ મુઝાતા તમે
કેવા છો તમે?

નથી કોઇને નડતા તમે, નથી કોઇ સાથે ભળતા તમે
એકલા અટુલા છો તમે,છતા નથી કોઇને જડતા તમે
કેવા છો તમે?
સઘળુ જ રહો છો સહેતા તમે,નથી કોઇને કહેતા તમે
મનમાં જ મરો છો તમે, મનમાં જ રંડાવો છો તમે
કેવા છો તમે?---------------- વિપુલ દેસાઇ

ખાવા જેવી ચીજ હોય તો ગમ છે,ગળવા જેવી ચીજ હોય તો અપમાન છે
પચાવા જેવી ચીજ હોય તો બુદ્ધિ છે,પીવા જેવી ચીજ હોય તો ક્રોધ છે
આપવા જેવી ચીજ હોય તો ધન છે,લેવા જેવી ચીજ હોય તો જ્ઞાન છે
જીતવા જેવી ચીજ હોય તો પ્રેમ છે,હારવા જેવી ચીજ હોય તો અભિમાન છે
દેખાડવા જેવી ચીજ હોય તો દયા છે,સાંભળવા જેવી ચીજ હોય તો ગુણ છે
બોલવા જેવી ચીજ હોય તો સત્ય છે,ભૂલવા જેવી ચીજ હોય તો ભૂતકાળ છે
સુધારવા જેવી ચીજ હોય તો વર્તમાન છે,વિચારવા જેવી ચીજ હોય તો ભવિષ્ય છે

ધીરજ જેમના પિતા છે અને ક્ષમા જેમની જનની છે,
ચિર શાંતિ જેમની પત્ની છે, સત્ય પુત્ર છે,
દયા બહેન છે, મનને સંયમ ભાઈ છે,
પૃથ્વી જ જેમની શય્યા છે, દિશાઓ વસ્ત્ર છે,
જ્ઞાનામૃત ભોજન છે - આ બધાં જેમનાં કુટુંબીજનો છે,
એવા યોગીજનોને કોનો ભય હોઈ શકે? સૌજન્યતા-શ્રીકાંતિભાઈ કરશાળા.

હ્દયની પાળ પર આપણે બેઠા હતા,પ્રેમના તરંગો નિહાળતા હતા
એકાએક વિજળી પડી,હ્દયના કટકા થયા
ઋધિરના પૂર ઉમટવા માંડ્યા,હુ વિરહની વેદનામાં ડુબવા માંડ્યો
નશીબદાર તમે છો,સહારો તમને મળી ગયો
તીરે ઉભા જુવો છો તમાશો,મારી ડુબતી લાશનો----વિપુલ દેસાઇ

બ્રહ્મચારી બનવા માંગતો હતો,સ્વપ્નમા નહોતો ધારતો છતાં
મેનકા આવી મુજ દરબારમા,કૃતનિશ્ચીત્તતાથી સામનોકર્યો પરંતુ
આ અબુધને ક્યાંથી ખબર હોય,મુનીઓના તપભંગ કરાવનાર મેનકા
મારા હ્રદયમાં ગાબડુ પાડી ગઇ,અશ્રુઓના પુર વહેછે એ બાકોરામાંથી
બાકોરૂ મોટુ થતા હ્રદય મારૂ તૂટી જશે,અશ્રુઓના પુરમા,હ્રદય મારૂ ઘસડાઇ જશે
કાબેલ કડીયો હોંવા છતાં,ગાબડુ હુ પુરી નથી શકતો---વિપુલ દેસાઇ

**ક્યાં**\u lpe ?
**અંગો**\u h÷p ApR›p **ચાં,મર્યાદા ક્યાં**\u lpe?
**અલંકારો અસલી**-_Lýgu **ચાં,સોનાની કિંમત ક્યાં**\u lpe?
op_ hNf_p dp_h **ચા,શુદ્ઘ વિચારો ક્યાં**\u lpe?
A_pS› fkpeZ **ચાં,સ્વાદ ક્યાં**\u lpe?
bmS›bfu_p hlhpf **ચા,આબરૂ ક્યાં**\u lpe?
fpd-**રહિમના આદર ન રહ્યા,ભક્તિ ક્યાં**\u lpe?
**ઘરૂ આંગણે વિશ્વાસ અ**pR›p **ચા,માણસાઈ ક્યાં**\u lpe?
**બુદ્દિના બળદિયા રહ્યા,‘નટુ‘ ચોક્સાઈ ક્યાં**\u lpe? - _VúcpC `fdpf,Åd_Nf

જો દરેકની જીદગીના કાર્ડીયોગ્રામ નીકળતા હોત,
તો દરેકના દીલ કે દેહના દર્દો જાણી શકાત
ત્યારે સૌને એક સુખદ આશ્વાસન મળતે કે
તે બીજાના કરતા ઘણા સુખી છે...... વિપુલ દેસાઇ

હુ હસુ તેથી કોને શુ? હુ રડુ તેથી કોને શુ?
મારા માટે કોઇને શુ? કારણ, હુ કોઇનો શુ?-

મિલન માંણ્યુ ના માંણ્યુ, ત્યા વિખરાઇ ગયુ સમણુ
અમારી પુષ્પ સૈયાને, કોઇની નજર લાગી ગઇ

http://suratiundhiyu.wordpress.com/

અમીવૃષ્ટિ કોઇની કેમ અટકી ગઇ અમારા પર
વરસતા પ્રેમને જાણે,કોઇ દુશ્મનની નજર લાગી ગઇ

**તમારી યાદોની કો મોટી ફરીયાદ મૂકી ગયા છો**
**તમારા પ્યારની શંકા કરતો એક વિવાદ મૂકી ગયા છો**
**રીબાવવા મહોબત્તતણુ એક કફન મૂકી ગયા છો**
**તોડી હૃદય,તડપતા ટુકડાઓ રઝળતા મૂકી ગયા છો**
**તમારો પ્યાર બતાવવા,આંસુઓની હારમાળા મૂકી ગયા છો**
**નખરાળી આંખોમાં,નફ્ફટાઇનુ નઝરાણુ મૂકી ગયા છો**
**ધૂણી ધખાવી પ્યારની,હ્રદયમા અગન મૂકી ગયા છો**
**હ્દયને જલાવી,પ્યારની વ્યાપક જ્વાળા મૂકી ગયા છો**
**દુઃખ ફક્ત એટલું જ છે, હ્રદયમા આગચાંપી અમને જીવતા મૂકી ગયા છો - વિપુલ દેસાઇ**

**એક દુલ્હનને સજાવવા માટે હજારો ફૂલો ઓછા પડે**
**કબરને મનાવવા માટે એક જ ફૂલ બસ છે!**
**ગમને ભૂલાવવા માટે હજારો ખુશીઓ ઓછી પડે**
**જિંદગીને જલાવવા માટે એક ગમ પુરતો છે! – વિપુલ દેસાઇ**

## બોસ  આ ગુજરાત છે !

અહીં પ્રેમ કેરો સાદ છે,પ્રભુજીનો પ્રસાદ છે
ને પ્રકૃતિનો વરસાદ છે ! બૉસ, આ ગુજરાત છે !
અહીં નર્મદાનાં નીર છે,માખણ અને પનીર છે
ને ઊજળું તકદીર છે ! યસ, આ ગુજરાત છે !

અહીં ગરબા-રાસ છે,વળી જ્ઞાનનો ઉજાસ છે
ને સોનેરી પરભાત છે,અલ્યા, આ ગુજરાત છે !
 અહીં ભોજનમાં ખીર છે,સંસ્કારમાં ખમીર છે
ને પ્રજા શૂરવીર છે !,કેવું આ ગુજરાત છે !

અહીં વિકાસની વાત છે,સાધુઓની જમાત છે
ને સઘળી નાત-જાત છે,યાર, આ ગુજરાત છે !
 અહીં પર્વોનો પ્રાસ છે,તીર્થો તણો પ્રવાસ છે
ને શૌર્યનો સહવાસ છે !,દોસ્ત, આ ગુજરાત છે !- અજ્ઞાત

પુષ્પ જોઇ ભ્રમર લલચાયો
પુષ્પોથી તેણે પ્રેમ કર્યો
પુષ્પોએ તેને આલીંગન્માં લીધો
ત્યાં તો રાત પડી
ભ્રમર સહારો શોધવા નીકળ્યો
દીપજ્યોતિએ તેને આકર્ષ્યો
થોડા ચક્કર માર્યા ભ્રમરે આસપાસ
આલીંગન કરવા ગયો દિપજ્યોતિને
બિચારો ભ્રમર!
પોતાનો જાન ગુમાવી બેઠો. વિપુલ દેસાઇ

શિયાળે સોરઠ ભલો,  ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ

જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શૂર
નહિ  તો  રહેજે  વાંઝણી,  રખે ગુમાવે નૂર

જે ઊગ્યું તે આથમે, જે ફૂલ્યું તે કરમાય
એહ નિયમ અવિનાશનો, જે જાયું તે જાય

નહીં આદર, નહીં આવકાર, નહીં નૈનોમાં નેહ
ન  એવા ઘેર કદી જવું, ભલે કંચન વરસે મેઘ

રાતે  જે વહેલા સૂઈ  વહેલા ઊઠે  તે નર વીર
બળ, બુદ્ધિ, ને ધન વધે, સુખમાં રહે શરીર

નામ રહંતા ઠક્કરાં, નાણાં નવ રહંત
કીર્તિ કેરા કોટડાં,  પાડ્યા નવ પડંત

જાનમાં કોઈ જાણે નહિ કે હું વરની ફુઈ
ગાડે કોઈ બેસાડે નહિ ને દોડી દોડી મૂઈ

જ્યાં ન પહોંચે રવિ   ત્યાં પહોંચે  કવિ
જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે અનુભવિ

કરતા હોય સો કીજિયે ઓર ન કીજિયે કગ
માથું રહે શેવાળમાં  ને  ઊંચા રહે બે પગ

નીચ  દ્રષ્ટિ  તે  નવ  કરે, જે  મોટા  કહેવાય
શત લાંઘણ જો સિંહ કરે, તો ય તૃણ નવ ખાય

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે

ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ

વાડ થઈ ચીભડાં ગળે,  સોંઘી વસ્તુ ક્યાંથી મળે
ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ  એકે જન

પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે
માંહી પડ્યા તે મહાસુખ પામે, દેખણહારા દાઝે

અરે ન કીધાં કેમ  ફૂલ આંબે
કર્યા વળી કંટક   શા ગુલાબે
સુલોચનાને શિર અંધ સ્વામી
અરે વિધાતા તુજ કૃત્ય ખામી

કોયલ નવ દે કોઈને,  હરે  ન  કોનું  કાગ
મીઠાં વચનથી સર્વનો, લે કોયલ અનુરાગ

કાણાને કાણો કહે તો કડવાં લાગે વેણ
હળવે રહીને પૂછીયે શાથી ખોયાં નેણ
-દલપતરામ
સહુ ચલો  જીતવા જંગ, બ્યૂગલો  વાગે,
યા  હોમ કરીને પડો,  ફત્તેહ  છે  આગે-નર્મદ

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ,
ત્યાં  ત્યાં  સદાકાળ ગુજરાત-ખબરદાર

અરે પ્રારબ્ધ તો ઘેલું,
રહે  છે દૂર માંગે તો--બાલાશંકર

ન જાણ્યું જાનકીનાથે સવારે શું  થવાનું  છે-બાલાશંકર

પીપળ  પાન  ખરંતા, હસતી કુંપળિયાં,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં-નરસિંહરાવ

સૌંદર્યો વેડફી દેતાં  ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે-કલાપી

હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં  ડુબકી દઈને  પુણ્યશાળી બને છે-કલાપી

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે-મણિલાલ નભુભાઈ દ્વિવેદી

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે  માતની હાકલ પડી છે-ઝવેરચંદ મેઘાણી

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ના લાધશે-ઉમાશંકર જોશી

કોક  દિન  ઈદ અને  કોક  દિન રોજા,
ઊછળે ને પડે નીચે, જિંદગીના મોજા-મકરંદ  દવે

મને આ જોઈને હસવું હજારો વાર આવે છે,
પ્રભુ તારા બનાવેલા  તને આજે બનાવે છે-હરજી લવજી દામાણી 'શયદા'

રડ્યા ‘બેફામ’ સૌ મારા મરણ પર એ જ કારણથી,

હતો  મારો જ એ અવસર  ને મારી હાજરી નહોતી–બરકત વીરાણી ‘બેફામ’

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે-નરસિંહ મહેતા

ઓ હૃદય, તેં પણ ભલા  કેવો ફસાવ્યો મને,
જે નથી મારાં બન્યાં, એનો બનાવ્યો છે મને–બરકત વીરાણી ‘બેફામ’

આ બધાં 'બેફામ' જે આજે રડે છે મોત પર,
એ બધાંએ  જિંદગી આખી રડાવ્યો છે મને–બરકત વીરાણી ‘બેફામ’

ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
કે સારા હોય છે એની દશા સારી નથી હોતી–બરકત વીરાણી ‘બેફામ’

શ્રદ્ધાનો હો વિષય તો  પુરાવાની શી જરૂર,
કુરાનમાં તો ક્યાંય પયગમ્બરની સહી નથી-જલન માતરી

અમૃતથી હોઠ સૌના એંઠાં કરી શકું છું
મૃત્યુના હાથ પળમાં હેઠા  કરી શકું છું
આ મારી શાયરીયે સંજીવની છે 'ઘાયલ'
શાયર છું, પાળિયાને બેઠા કરી શકું  છું-અમૃત 'ઘાયલ'

જાત ઝાકળની  છતાં કેવી ખુમારી હોય છે
પુષ્પ જેવા પુષ્પ પર એની સવારી હોય છે-ચિનુ મોદી 'ઈર્શાદ'

આંખ ભીની હોય ત્યારે સ્મિત મુખ પર જોઈએ
જિંદગીની  બેઉ  બાજુ  એમ  સરભર  જોઈએ
છો રહે ફોરમ વિહોણા જિંદગીના વસ્ત્ર સૌ

ફૂલ પીસીને કદી મારે ન અત્તર  જોઈએ-મનહરલાલ ચોક્સી

હોઠ હસે તો ફાગુન, ગોરી! આંખ ઝરે તો સાવન
મોસમ મારી તું જ, કાળની મિથ્યા આવનજાવન-હરીન્દ્ર દવે

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું,મુજ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે-ચિત્રભાનુ

અમે બરફનાં પંખી રે, ટહુકે ટહુકે પીગળ્યા-અનિલ જોશી

અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને  ભીંજવે તું  તને વરસાદ ભીંજવે -રમેશ પારેખ

સ્પર્શ  દઈ  પાણી  વહી  જાતું  હશે
ત્યારે આ પત્થરોને કંઈક તો થાતું હશે-રમેશ પારેખ

(મોતી વેરાયા ચોકમા- માવજીભાઇના પરબમાંથી સાભાર)

**તમે સંતોની કીકીમા જગતનું પ્રતિબિંબ જોયું,**
**સગી આંખે આંખનુ અવલોકન હાથે કરીને ખોયું - ડો.અસરફ  ડબાવાલાસ**

**પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર**
**તત્વનું ટૂંપણું તુચ્છ ભાસે--------નરસિહ મહેતા.**

**જો મૈ ઐસા જાનતી પ્રીત કિયે પસ્તાય**
**નગર ઢિંઢોરા પીટતી પ્રીત ન કરિયો કોઇ---------મીરા**

કોઇને આમ સમજાયો,કોઇને તેમ સમજાયો

અઢી અક્ષરના હતા તોયે,ન પૂરો પ્રેમ સમજાયો-----હરજીવન દાફડા

કંઠમાં પદ,હાથમાં તંબૂર છે,બાઇ મીરા આજ તો મશહૂર છે

પ્રેમનો પર્યાય બીજો શું હશે,ભક્તથી ભગવાન કયારે દૂર છે?-----નંદન અંધારિયા

કોણ ફરીથી આવી ને આ દિલમાં માળો બાંધે છે?

આંસુના આ હીરામોતી શબ્દોમાં ટાંકે છે....અજ્ઞાત

જયારે પ્રણયની જગમાં,શરૂઆત થઇ હશે

ત્યારે પ્રથમ ગઝલની,રજૂઆત થઇ હશે.----------આદિલ મન્સુરી

પ્રેમની ઉઘડે કળી તે બે જણની હોય છે,

તેની જે ખુશ્બુ વહે છે તે બધાની હોય છે.--------------રમેશ પારેખ.

જતાં જતાં સનમ તું એટલું કામ કર.
મારા મોતના સામાનનો ઇંતેજામ કર.

ન મળ મને તું આમ સંતાય સંતાયને
કરવો હોય પ્યાર મને તો સરેઆમ કર.

કર્યા જે હસીન ગુન્હા આપણે પ્યારમાં.
હવે તે સર્વ આજ તું મારે નામ કર.

મશહુર થઇ ગયો છું હું તારા પ્યારમાં

તું આજ મને ભલે થોડો બદનામ કર.

પઢી નમાજ ને કરી છે તેં બહુ બંદગી
મંદિરમાં જા હવે તું થોડું રામ રામ કર.

સુઇ જા હવે તું નટવર શાંતિથી કબરમાં
જાગ્યો છે જીંદગીભર હવે તું આરામ કર. .---------- નટવર મહેતા

## પ્રાચીન હાલરડુઃ

છમ લીલી છમ લીલી છમ,

નાચે છે મોરલો ચોગરદમ લીલી છમ

ઓ ખેડુ ઓ ખેડુ મારે ખેતરીયે ખેડવાને આવ,

સોનલે ઘડા,રૂપલે બેડા નાના બે ઝાંઝરીયા લઉ,

બેન મારીને પહેરાવી દઉ,

લાલને લીલી, જાંબુડી ભુરી, કેસરી વાદળી ઓઢણી ઓઢજો

પગમાં ઝાંઝર પહેરજો, માંથામા વેણી નાંખ જો

બાગમા ફરી, હિચકે ઝુલી, વહેલા વહેલા ઘેર આવજો

બેનને સાથે લાવજો...છમ લીલી છમ લીલી છમ,

નાચે છે મોરલો ચોગરદમ લીલી છમ. – સંગ્રાહક: વિપુલ દેસાઇ

# બદલે બદલે મે મુઝે બદલાવ નજર આતે હે

ઋતુઓ બદલાય છે, ઉગમણી દિશાના વાયરા વાય છે
સાથે માનવીની વીચાર ધારા પણ બદલાય છે
કુદરતનો કાનુનતો એજ છે,દેશનો કાનુન બદલાય છે
માનવના હ્દયનો હ્દય પલટો થતો જાય છે
છોકરાએ નથી છોકરી કે છોકરીએ નથી છોકરાને શોધવાનો
વાસનામાં ક્યાં હવે સુવાસ રહી છે
ગમે એને ગમે તે મળે પ્રેમ થઇ જાય છે
હવે તો ઘરોમાં મૂછોવાળી ભાભીઓ ફરતી હશે
છોકરી છોકરીને જીજૂ જીજૂ કહીને અર્ધી થઇ જશે
આ મુક્ત હવામાં ના તો છોકરા-છોકરીના જોડા રચાશે
છોકરાઓ છોકરાને પટાવતા થઇ જશે
પોલીસને ચોપડે છેડછાડના કેસો વધી જશે
સુરતમાં સવારે છોકરાઓ છોકરા પર કારમાં મુક્ત મને બળાત્કાર કરશે
મોદીને મન હવે કાયમની નિરાંત થશે
સ્ત્રીઓ સ્ત્રીઓની અને પુરુષો પુરુષોની છેડતી કરશે
દરેક સિક્કાની બે બાજુઓ હોય છે,કમસે કમ
આ બદલાવ દેશને વસ્તી વધારાથીતો બચાવશે-----વિપુલ દેસાઇ

ચા બગડી એની સવાર બગડી.
દાળ બગડી એનો દિવસ બગડ્યો,
સાસુ બગડી એની જિંદગી બગડી.”

આ ત્રણેયમાં ચકાચૌંધ કરીદે એવું સામ્યછે,
ત્રણેય પડ્યાં પડ્યાં ઊકળે!
ઊકળવું એજ એમનો સંદેશ.

ઊકળે નહિ ત્યાં સુધી જામેય નહિ. પરફોર્મન્સજ ના આપે.
ઊકળેતો જ પરસનાલીટીમાં નિખાર આવે.
નિખાર એટલે કેવો?
ચા ઊકળે તો લાલ થાય,
દાળ ઊકળે તો પીળી થાય અને
સાસુ ઊકળે તો...લાલપીળી થાય!
(આ ત્રણેયના કલર ન પકડાય તો ખામી ચૂલામાં સમજવી!)
એક સવાર બગાડે, બીજી દિવસ બગાડે, ત્રીજી જિંદગી બગાડે.
ચા ની ચૂસકી, દાળનો સબડકો અને સાસુનો ફડકો!
આ ત્રણનું કોમ્બીનેશન જુઓ!
ત્રણેય સ્ત્રી જાતિ, અને સુધારવું- બગાડવું કોના હાથમાં !

દરેક ખુશી છે અહિ **NRI** લોકો પાસે
પણ હસવા માટે સમય નથી
દિવસ-રાત દોડતી દુનિયા મા
જિંદગી માટે પણ સમય નથી

મા ના હાલરડાં નો અહેસાસ છે
પણ મા ની મમતા માટે સમય નથી
બધા સંબંધો તો મરી ગયા જાણે
પણ તેમને દફનાવવાનો સમય નથી

બધા નામ મોબઈલ મા છે પણ
મિત્રતા માટે સમય નથી
પારકા ઓ ની શું વાત કરવી
પોતાના માટે પણ સમય નથી

આંખો મા છે ઊંઘ ઘણીયે
પણ સુવા મટે સમય નથી
દિલ છ ગમો થી ભરેલું
પણ રોવા માટે સમય નથી

પૈસા ની દોડ મા એવા દોડ્યા
કે થાકવા નો પણ સમય નથી
પારકા અહેસાનો ની શુ કદર કરીએ
જ્યાં પોતાના સપના ની જ કદર નથી

તુ જ કહે મને એ
શુ થશે આ જિંદગી નુ
દરેક પળે મરવા વાળા ને
જિવવા માટે પણ સમય નથી. લેખકઃ અજ્ઞાત

"મારા ભરેલા ખોબા માથી એક મોતી ક્યાંક ઢોળાઇ ગયું
ન કહેલા શબ્દોથી મારું કોમળ હૃદય વીંધાઇ ગયું"-"માનવ"

શબ્દ એક જ મુકાય ને અર્થ ફરી જાય છે
આંકડો એક જ મુકાય ને દાખલો ફરી જાય છે
ડગલું એક જ મુકાય ને દિશા ફરી જાય છે
ડાચું તમારું જ દેખાય ને પથારી ફરી જાય છે! - અજ્ઞાત

મહેફિલમાં ગયો, હું કોઈને કામ ન આવ્યો.

શાકી મારા સુધી આજ તારો જામ ન આવ્યો.
ક્યારની લોગ ઇન થઈ છે રાધા આજે
ફેઈસબુક પર આજ એનો શ્યામ ન આવ્યો!
ઇમેઈલ ચેક કરી વારંવાર ગોપીએ
કનૈયાનો આજ કોઈ પયગામ ન આવ્યો!
વર્ડપ્રેસ જોયા ને બ્લોગસ્પોટ ખંખોળ્યા
મારા જેવો ત્યાં કોઈ બદનામ ન આવ્યો.
ચાલતો રહ્યો 'નટવર' જિંદગીભર એકલો
પુરી થઈ જિંદગી, કોઈ મુકામ ન આવ્યો.---------- નટવર મહેતા

## મારે ફરી એક વાર શાળાએ જવુ છે

દોડતા જઇને મારી રોજની બાકડીએ બેસવુ છે, રોજ સવારે ઉચા અવાજે રાષ્ટ્રગીત ગાવુ છે
નવી નોટની સુંગંધ લેતા પહેલા પાને, સુંદર અક્ષરે મારૂ નામ લખવુ છે
મારે ફરી એક વાર શાળાએ જવુ છે, રિસેસ પડતાં જ વોટર બેગ ફેંકી
નળ નીચે હાથ ધરી પાણી પીવું છે, જેમ તેમ લંચ બોક્ષ પુરુ કરી...મરચું મીઠું ભભરાવેલ
આમલી-બોર-જમરૂખ-કાંકડી બધુ ખાવું છે, સાયકલના પૈડાના સ્ટમ્પ બનાવી ક્રીકેટ રમવું છે
કાલે વરસાદ પડે તો નીશાળે રજા પડી જાય, એવા વિચારો કરતા રાતે સુઇ જવુ છે
અનપેક્ષીત રજાના આનંદ માટે, મારે ફરી એક વાર શાળાએ જવુ છે
છુટવાનો ઘંટ વાગવાની રાહ જોતા, મિત્રો સાથે ગપ્પા મારતા વર્ગમા બેસવુ છે
ઘંટ વાગતાજ મિત્રોનુ કુંડાળુ કરીને, સાયકલની રેસ લગાવતાં ઘેર જવુ છે
રમત-ગમતના પિરિયડમાં તારની વાડમાંના, બે તાર વચ્ચે સરકીને બહાર ભાગી જવું છે,
તે ભાગી જવાની મોજ માણવા, મારે ફરી એક વાર શાળાએ જવુ છે
દિવાળીના વેકેશનની રાહ જોતા, છમાસીક પરીક્ષાનો અભ્યાસ કરવો છે
દીવસભર કિલ્લો બાંધીને માટીને પગથી તોડી,હાથ ધોયા વીના ફરાળની થાળી પર બેસવુ છે
રાતે ઘણા બધા ફટાકડા ફોડ્યા પછી, ન ફૂટેલા ફટાકડા વીણવા મારે જવું છે
વેકેશન પત્યા પછી બધી ધમાલની વાતો કરવા, મારે ફરી એક વાર શાળાએ જવુ છે-લેખકઃઅજ્ઞાત

## જન્મદિવસની શુભેચ્છા:

આમ તો દરેક દિવસ એ, ભગવાન ! તમે આપેલી તાજી ભેટ છે.
જાગૃત માણસ માટે દરેક નવો દિવસ નવી શરૂઆત બની શકે
પણ ભગવાન આજે મારો જન્મદિવસ છે. અને એટલે આજનો દિવસ
વિશેષ પ્રાર્થનાનો, વિશેષ જાગૃતિ, વિશેષ સંકલ્પનો દિવસ છે.

આજના દિવસે, ભગવાન !
હું ધન માન કીર્તિ અને આરોગ્ય નથી માંગતો
પણ આ બધુ મને મળે તો એનો ઉપયોગ હું સહુના
કલ્યાણ અર્થે કરી શકું એવો સર્વ પ્રત્યેનો મૈત્રીભાવ માગું છું.

આજના દિવસે ભગવાન !
હું એમ નથી માંગતો કે મારો રસ્તો સરળ બને,
મારા કાર્યો નિર્વિઘ્ને પાર પડે પણ એમ બને તો,
તો એ નિષ્ફળતા મને નમ્ર બનાવે એ હું માંગુ છું.

લોકો કહે છે યૌવનનો કાળ ઉત્તમ કાળ છે
તરુણાઈ અને તરવરાટ જીવનને એક ઐશ્વર્ય આપે છે
પણ આ ઐશ્વર્ય, આ શક્તિ, આ મસ્તી ને આ અભિમાનમાં
મારો માર્ગ તમારાથી દૂર ન નીકળી જાય એ હું માંગુ છું.
જીવનને સાચી અને સારી રીતે જીવવા માટેની સમજણ માગું છું.

અત્યારે તો બસ કમાવાનો, વધુ ને વધુ સંપતિ મેળવવાનો
જીવનની હરણફાળમાં બીજાથી આગળ ને આગળ
નીકળી જવાનો અવસર છે: અને પ્રાર્થના તો પછી ઘરડા થઈશું ત્યારે કરીશું
અત્યારે એ માટે કાંઈ સમય કે સગવડ નથી - એવું હું માનવા ન લાગું,
એ આજે માગું છું કારણ કે, પ્રાર્થના કરવી તમારી નીકટ આવવું
એ કાંઈ પૈસાનો સવાલ નથી, એ તો હૃદયનો સવાલ છે.

જુવાન હોઈએ ત્યારે એમ વર્તીએ છીએ,જાણે અમે ક્યારેય વૃદ્ધ થવાના નથી

પણ સુર્યને ઢળતો અટકાવી શકાતો નથી,ફૂલને કરમાતું રોકી શકાતું નથી.
એટલે અમારી આ ખુમારી, આ થનગનાટ, આભવીંઝતી પાંખો
અમારી આ કરમાઈ જનારી વસ્તુઓ, સદાકાળ ટકી રહો એવી મારી માંગણી નથી.
પણ એ બધું અસ્ત પામે ત્યારે એવી અદકી સુંદર બાબતો-
પરિપકવતા, સૌમ્યતા, માયાળુતા, બીજાને સમજવાની શક્તિ
મારામાં ઉદય પામે તેમ ઈચ્છું છું.

આ દુનિયામાં તમે મને જન્મ આપ્યો છે,તે માટે હું તમારો આભાર માનું છું.
હું એવું હૃદય માંગું છું, જે આ દુનિયાને તમારા માટે ચાહી શકે.
આ સૃષ્ટિ તમે આનંદ વડે આનંદ માટે સરજી છે
એને હું મારા સ્વાર્થ અને બેકાળજીથી ક્ષતિ ન પહોંચાડું
મૂંગા પ્રાણીઓ અને મધુર વનસ્પતિ-સૃષ્ટિને ચાહું
હવા, પાણી અને ભૂમિને દૂષિત ન કરૂં.

દરેક દિવસે હું એક પગથિયું ઊંચો ચઢું
દરેક પગલે હું થોડોક તમારી નીકટ આવું
રોજેરોજ, કોઈક સત્કર્મથી મારા હૃદયમાં રહેલા તમને વ્યક્ત કરું
દુનિયાને મારા થકી થોડી વધુ સુંદર બનાવું
દરેક વર્ષે આજનો દિવસ આવે ત્યારે આગલા વર્ષ કરતાં મારું જીવન વધુ કૃતાર્થ બન્યું છે
એમ કહી શકું - એ હું માગું છું.

એક એક જન્મદિવસ આવે છે, એક એક વર્ષ જીવનમાં ઉમેરાય છે.
એ મને યાદ આપે છે કે સમય કેટલી ઝડપથી વહી રહ્યો છે.
દરેક ક્ષણ મૂલ્યવાન છે, અંત ક્યારે આવશે તેની ખબર નથી
આવતીકાલે કદાચ હું ન પણ હોઉં
તેથી આજનો દિવસ હું સંપૂર્ણ રીતે જીવવાનો પ્રયત્ન કરું.
દરેક દિવસે મારો નવો જન્મ જ થાય છે તેમ માનું
અને પ્રત્યેક દિવસે વિદાય લેવા
મારા જીવનની ચાદર ઊજળી રાખીને તમને ધરી દેવા તત્પર રહું

આજે, જન્મદિવસે ભગવાન !
એ હું તમારી પાસે માંગુ છું

('પરમ સમીપે' માંથી.. સાભાર)

લખતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ વિચારોને ઘણીવાર કાગળ પર ઉતારી લઉ છું

વાંચતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ બીજાના મન ને જાણવાની કોશીશ કરી લઉ છું

જોતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ પોતાના કર્મોની ઝલક અચુક લઇ લઉ છું

ચાલતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ રણમાં પાણીના આભાસથી દોટ મૂકી દઉ છું

બોલતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ અપશબ્દ નીકળ્તા પહેલા જીભને સંભાળી લઉ છું

સાંભળતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ મળેલી સાચી સલાહ જીવનમાં આવરી લઉ છું

રમતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ જીવનની રમતોમાં કોઇક રમત જીતી લઉ છું

વ્યક્ત કરતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ આ સંસારમાં મારો લખાયેલો ભાગ ભજવી લઉ છું

જીવતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ ક્ષણ ક્ષણ માંથી નાની મોટી ખુશીઓ છીનવી લઉ છું

અનુભવતા આવડે છે કે નહી, એ ખબર નથી!
પણ કુદરતના હિસ્સા તરીકે પોતાની તરફ ઇશારો કરી લઉ - લેખકઃઅજ્ઞાત

આળસ વગરનો માણસ એક્ટીવ કહેવાય
નકારાત્મકતા વગરનો માણસ પોઝીટીવ કહેવાય
સકારાત્મકતા વગરનો માણસ નેગેટીવ કહેવાય
સેન્સ વગરનો માણસ સેન્સીટીવ કહેવાય
અગર વિપુલમાં થોડી વધારે સેન્સ હોત
તો, લોકોમાં એ ફેન્ટાસ્ટીક કહેવાત – વિપુલ દેસાઇ

દૂર રહીને પણ પાસે રહેવાની મને આદત છે
યાદ બનીને આંખોમાંથી વહેવાની મને આદત છે
પાસે ના હોવા છતાં પાસે જ લાગીશ
મને અહેસાસ બની ને રહેવાની આદત છે લેખકઃ અજ્ઞાત

આપણી વચ્ચે અભરખો એક સોડમનો હતો,
વાંક કયાં તારો કે મારો,વાંક મોસમનો હતો.-----------મુકુલ ચોકસી.

દુઃખીને, ન્યાલને, સમજી શકું છું
સમયની ચાલને સમજી શકું છું

અમારા પ્રશ્નના ઉત્તરમાં આંસુ?
તમારી ઢાલને સમજી શકું છું

અધર અડવા જતા સામા મળેલા
ગુલાબી ગાલને સમજી શકું છું

ફૂટી નીકળ્યો છે પાંપણમાં અનાયાસ
નકામા ફાલને સમજી શકું છું

બધે હોવા છતાં ક્યાંયે ન હોવું
હવાના હાલને સમજી શકું છું -------------હેમંત

સ્વપ્નમાં આવજાવ રાખે છે
હલકો હલકો તણાવ રાખે છે
કાંટા જેવો સ્વભાવ રાખે છે
ફક્ત કાગળની નાવ રાખે છે
યાદ એક અણબનાવ રાખે છે – હેમંત

ધન દવા ખરીદી શકે, આરોગ્ય નહીં.
ધન માણસ ખરીદી શકે, લાગણી નહીં.
ધન મૂર્તિ ખરીદી શકે, ભગવાન નહીં.
ધન સત્તા ખરીદી શકે, શાસન નહીં.
ધન શરીર ખરીદી શકે, પ્રાણ નહીં.
ધન મંદિર ખરીદી શકે, પવિત્રતા નહીં. લેખકઃઅજ્ઞાત

આંખોમાં આવી રીતે તું દૃશ્યો  ન મોકલાવ,
ખાલી થયેલ ગામમાં જાસો ન મોકલાવ.
ફૂલો ય પૂરબહારમાં હિંસક  છે આજકાલ,
રહેવા દે, રોજ તું મને ગજરો ન મોકલાવ.
તું આવ કે પાડી રહ્યો છું સાદ હું તને,
પહાડોની જેમ ખોખરો પડઘો ન મોકલાવ.
ખાબોચિયું જ આમ તો પર્યાપ્ત હોય છે,
હોડી ડુબાડવાને તું દરિયો ન મોકલાવ.
થોડોક ભૂતકાળ મેં આપ્યો હશે કબૂલ,
તું એને ધાર કાઢીને પાછો ન મોકલાવ. - રમેશ પારેખ

શાયરી જો ઘર ઘર ફીરે તો શાયરી શા કામકી?
હિજડા જો બાળક જણે તો બાયડી શા કામકી?

હક હતો, માંગતા શરમ આવી, હાથ ફેલાવતાં શરમ આવી.
ઘરથી મસ્જિદ છે બે કદમ છેટે, એટલું ચાલતાં શરમ આવી.
મારી પાસે હજાર અનુભવ, પણ દાખલો આપતાં શરમ આવી.
ડોળ કરવો પડ્યો, અજાણ્યા છે, નામ ઉચ્ચારતાં શરમ આવી.
આયના રૂબરૂ નજર કરતાં, સામસામે થતાં શરમ આવી.
પારકાનો તમાશો જોયો, પણ ખુદનું ઘર બાળતાં શરમ આવી -
આંખ ‘નાશાદ’ પાણી પાણી છે, અંતરે ઝાંખતાં શરમ આવી. - ગુલામ અબ્બાસ ‘નાશાદ’

સ્વભાવે થોડો અતડો છું, ને શબ્દે શબ્દે કડવો છું
મારી સામે કોઇ ફાવે નહીં, માણસ નામે અઘરો છું.

આફત સામે નડતર છું, ને દુ:ખ ભગાડતુ મંતર છું
મને કોઇ ભરમાવે નહીં, માણસ નામે જબરો છું – કુમાર મયુર

પછી કોણ નીકળે ?
કોરે બદન બહાર પછી કોણ નીકળે ?
વરસે તું ધોધમાર... પછી કોણ નીકળે?
તું ખુદ નદી થઈને અગર વહેતી હોય તો
ડૂબીને પેલે પાર પછી કોણ નીકળે ?
તારો સફરમાં સાથ જો ક્ષણભરનો હોય તો
લઈ શ્ર્વાસ બેસુમાર પછી કોણ નીકળે ?
સાથે રહીને સિદ્ધ કરો, આજીવન છો સાથ
જીવનથી ધારદાર પછી કોણ નીકળે ?
અડવાના ના હો તારા જો અહેસાસને કદી,
શબ્દોની આરપાર પછી કોણ નીકળે - ડૉ. વિવેક ટેલર

ઈશ્વરના મેં વાઘા જોયા, ત્યાં પણ દોરાધાગા જોયા.
પાર વગરનાં છટકાં જોયાં, જ્યાં જ્યાં ટીલાંટપકાં જોયાં.
દેખાવે તો એક જ લાગે, એમાં દસદસ માથાં જોયાં!
સગપણને શું રોવું મારે, વળગણમાં પણ વાંધા જોયા.
ભીનું જેવું સંકેલાયું, ગંગાજળના ડાઘા જોયા!
વિધવા સામે કંકુ કાઢે, અવતારી સૌ બાબા જોયા. - સુરેશ ઝવેરી

નજીક આવે છે એ મારી ને અડવા પણ નથી દેતી
મને છંછેડીને પાછી ઝગડવા પણ નથી દેતી

કરી વાતો જુદાઈની મને રડમસ કરી મૂકશે
પછી ગમ્મત કરી કહે છે ને રડવા પણ નથી દેતી

હું એની છેડતી કરનાર પર ગુસ્સો કરું ત્યારે
એ ઝાલી બાવડું રોકે છે લડવા પણ નથી દેતી

જુદાઈની પળે જળ આંખના ખૂણે તો બાઝે છે
પણ એ આંસુ નયનમાંથી દદડવા પણ નથી દેતી

ધરી ધીરજ ઘણી તો પણ મને એ મારી ધીરજના
ફળો મીઠા નથી દેતી ને કડવા પણ નથી દેતી

કહે છે મિત્ર છો મારા તમે સૌથી કરીબી પણ
નથી એ પ્રેમમાં પડતી ને પડવા પણ નથી દેતી – હેમંત

ક્યાં મળે ફ્રેન્ડસ મા આટલો પ્યાર,
કઇંક થાય ને મળવા આવે દોસ્ત હજાર,
ક્યાં એવી CNG રીક્ષા અને ક્યાં એવા રસ્તા,
ત્યાની રેસ્ટોરન્ટ મોઘીં ને ત્યાના પાન સસ્તા,
સુરત મા જાત જાત ના લોકો વસતા,
ફ્રેન્ડસ જોડે ટાઇમ નીકળે હસતા હસતા.
ક્યાં એવો વરસાદ, ક્યાં એવી ગરમી,
ક્યાં મળે છોકરીઓ આટલી હસતી શરમાતી,
ક્યાં મળે કોઇને જીવન મા આટલી મસ્તી,
સૌથી બેસ્ટ આપડી સુરતની વસ્તી.. ક્યાં એવી ઉત્તરાયણ, ક્યા એવી હોળી,
તહેવારો મા ભેગી થાય આખી ફ્રેન્ડસની ટોળી,
ક્યાં એવી નવરાત્રિ, ક્યાં એવી દિવાળી,
ક્યા મળે City Light Roadની રંગીલી સાંજ,
kya male ghod road no sunday no traffic.
ક્યા મળે Lake View-ગાર્ડનની ચટાકેદાર રાત,
kya male chok jeva "RASAWALA KHAMAN",kya male dumas jeva "BHAJIYA"

kya male rander ni "AALOO-PURI",kya male che jalaram no "LOCHHO"
ક્યા મળે kAkI જેવી પાવ-ભાજી, ક્યા મળે BANARASI જેવુ પાન,
ક્યા મળે GOKULUM jevo "coco", ક્યા મળે ડિસન્ટ જેવો "KASMIRI PULAV".
સુરત નો રંગ નીરાળો, સુરત નો ઢંગ નીરાળો,
હોય એમા ભલે કોઇ ખરાબી, તો પણ ગર્વથી કહો હુ છું "સુરતી"

લેખકઃઅજ્ઞાત

આવી તો જો
હે કૃષ્ણ એક વાર આ દુનિયામાં આવી તો જો
ગોકુલમાં તે ગાયો બહુ ચરાવી
રસ્તાની ગાયો હઠાવી તો જો
ચૌદમાં વર્ષે મામા કંસને  તે માર્યો
બિન લાદેન ને આંગળી અડાડી તો જો
ચીર પૂર્યા તે દ્રૌપદીના ભર સભાએ
મલ્લિકાને દુપટ્ટો તો પહેરાવે જો
ગોકુળમાં તે ગોપીઓ સોળસો રાખી
કોલેજની એક છોકરીને પટાવી તો જો
સારથી બન્યો કુરુશેત્રે તું અર્જુનનો
અહી રસ્તે તું ગાડી તો ચલાવી જો
હે સર્વવ્યાપી !! મધુસુદન !! શક્તિમાન !!
હે કૃષ્ણ, એકવાર આ દુનિયામાં તો આવીજો  - કવિ તુષાર

## દિવસો જુદાઇના જાય છે – ગઝલ ગની દહીંવાલા

દિવસો જુદાઇના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,

મને હાથ ઝાલીને લઇ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહિ ઉન્નતિ, ન પતન સુધી,

અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

હજી પાથરી ન શક્યું સુમન, પરિમલ જગતના ચમન સુધી,

ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી.

છે અજબ પ્રકારની જિંદગી ! કહો એને પ્યારની જિંદગી,

ન રહી શકાય જીવ્યા વિના ! ન ટકી શકાય જીવન સુધી.

તમે રાંકનાં છો રતન સમાં, ન મળો, હે અશ્રુઓ, ધૂળમાં,

જો અરજ કબૂલ હો આટલી, તો હ્રદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીના ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !

તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઇએ જીવન સુધી.

જો હ્રદયની આગ વધી 'ગની', તો ખુદ ઇશ્વરે જ કૃપા કરી,

કોઇ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

એક નોકરીથી જિંદગીમાં કેવો વળાંક આવી ગયો !

શાનદાર નોકરીના ધંધાદારી જીવનમાં આવી ગયો !

પણ, કોલેજની સ્વૈરવિહારી જીંદગી ક્યાં ગઈ ?

ઝીણાં ખિસ્સા ખર્ચમાંથી પગારની મોટી રકમ પર આવી ગયો,

પણ, આનંદમાં ઘટાડો કેમ થયો ?

થોડાંક સ્થાનિક જીન્સ પરથી ઘણાં બ્રાન્ડેડ જીન્સ કબાટમાં આવીગયા,

પણ, તે પહેરવા માટે વ્યક્તિઓ ઘટી કેમ ગયા ?

સમોસાની નાનકડી પ્લેટ પરથી મોટા પીત્ઝા કે બર્ગર આવી ગયા,

પણ, ખાવાની ભૂખ કેમ ઘટી ગઈ ?

રાત્રે ઑફીસમાં બેઠોબેઠો વિચારી રહ્યો છું કે,

એક નોકરીથી જિંદગીમાં કેવો વળાંક આવી ગયો !

કાયમ રીઝર્વમાં રહેતી બાઈકની પેટ્રોલટાંકી આજકાલ ફૂલ થઈ ગઈ

પણ, ફરવાની જગ્યાઓ કેમ ખૂટી પડી ?

ચાની કીટલીનું સ્થાન કાફે કોફી ડે એ લઈ લીધું

પણ, તે પહોંચની બહાર કેમ થઈ ગઈ ?

મોબાઈલનું પ્રિ-પીઈડ કાર્ડ હવે પોષ્ટપેઈડ થઈ ગયું

પણ, કોલની સંખ્યા ઘટીને એસએમએસની સંખ્યા વધી કેમ ગઈ ?

રાત્રે ઑફીસમાં બેઠોબેઠો વિચારી રહ્યો છું કે,

એક નોકરીથી જિંદગીમાં કેવો વળાંક આવી ગયો !

જનરલ ડબ્બાની મુસાફરીનું સ્થાન હવાઈ મુસાફરીએ લઈ લીધુ

પણ, એંજોયમેંટ માટેના વેકેશન કેમ ઓછા થઈ ગયા ?

એસેમ્બલ કરેલા પીસીનું સ્થાન આધૂનિક લેપટોપે લઈ લીધું

પણ, તેના પર બેસવાનો સમય ઘટી કેમ ગયો ?

કોલેજના મિત્રોની ટોળીનું સ્થાન ઑફીસના સહ કર્મચારીએ લઈ લીધું

પણ, શા માટે એકલતા અને તે મિત્રોની ખોટ સાલે છે ?

રાત્રે ઑફીસમાં બેઠોબેઠો વિચારી રહ્યો છું કે,

એક નોકરીથી જિંદગીમાં કેવો વળાંક આવી ગયો ! - અજ્ઞાત

-આદિલ મનસૂરી

જિંદગી મળવી એ નસીબની વાત છે,
મૃત્યુ મળવું એ સમયની વાત છે,
પણ મૃત્યુ પછી પણ કોઈના હૃદયમાં જીવતા રેહવું,
એ જિંદગીમાં કરેલા કર્મની વાત છે.

પોતાનાં વગર દુનિયા અટકી પડશે એવું માનનારાઓથી કબરો ભરેલી છે.
કોણ કહે છે ભગવાનના ઘરે અંધેર છે,
સુખ અને દુખ તો છે ઈશ્વરની પ્રસાદી,
બાકી તો માનવીની સમજ સમજમાં ફેર છે.

## નસીબ

નસીબથી મળી છે જીંદગી તો એને જીવી જાણો.
લાંબી આ સફરમાં જીંદગીના ઘણા રૂપ જોયા છે
તમે એકલા શાને રડો છો, સાથી તો અમેય ખોયા છે

આપ કહો છો આમને શું દુઃખ છે, આ તો સદા હસે છે
અરે! આપ શું જાણો આ સ્મિતમા કેટલા દુઃખ વસે છે

મંઝીલ સુધી ના પહોંચ્યા તમે એ વાતથી દુઃખી છો

અરે! ચાલવા મળ્યો રસ્તો તમને, એટલા તો સુખી છો

આપને ફરિયાદ છે કે કોઇને તમારા વિશે સુઝ્યુ નથી
અરે! અમને તો “કેમ છો?” એટલુંય કોઈએ પુછ્યું નથી

જે થયું નથી એનો અફસોસ શાને કરો છો,
આ જીંદગી જીવવા માટે છે, આમ રોજ રોજ શાને મરો છો?

આ દુનિયામા સંપુર્ણ સુખી તો કોઈ નથી
એક આંખ તો બતાવો મને જે ક્યારેય રોઈ નથી.

બસ એટલુંજ કહેવું છે કે જીંદગીની દરેક ક્ષણ દિલથી માણો
નસીબથી મળી છે જીંદગી તો એને જીવી જાણો.

મંઝીલે ઉનકો મીલતી હૈ, જીનકે સપનોમેં Å_ Ipsu I!
પંખો સે કુછ નહીં હોતા હોંસલો સે ઉડાન હોતી હૈ - Ldgi `Vig

જીંદગીમેં કભી ઉદાસ ન હોના કભી કીસી બાત સે નિરાસ ન હોના યે જીંદગી એક સંઘર્ષ હૈ, ચલતી હી રહેગી કભી અપને જીને કા અંદાઝ ન ખોના - Se R_uepfp

हमे भुलनेकी इजाजत नही है

तुम्हे याद करनेकी आदत नही है

तम्हारी ये आदत तम्हे मुबारक

हमे तुमसे कोइ शीकायत नही है–વિપુલ દેસાઇ

हमने सोचा की सिर्फ हम ही उन्हे चाहते है !

मगर उनके चाहनेवालोका तो बडा काफिला नीकला

मैने सोचाकी शीकायत करु खुदासे!

मगर, वो भी उनके चाहनेवालोमे से निकला લેખકઃ અજ્ઞાત

वह खुशनशीब, जीनके तुम नशीब हो

उसे और क्या चाहिये,जीनके तुम करीब हो!

मै तैरनेमे बडा काबील था

कंइ लोंगोको डुबते मैने बचाये

लेकीन, दीलकी दुनीयामे तैरने गया

दील तोडके, लडकीने मुझे डुबा दीया!--------- વિપુલ દેસાઇ

आते हस्ते हो, जाते हस्ते हो

सुबहको भी हस्ते हो, रातको भी हस्ते हो

सुखमे हस्ते हो, दुःखमे हस्ते हो

तुम्हे क्या लगता है?

अकेले आप ही क्लोझप धीसते हो! લેખકઃ અજ્ઞાત

अपने दीलकी बात उन्हे कहे नही शकते
बीन कहे भी जी नही शकते
ए खुदा ऐसी तकदीर बना
वो हमसे खुद आकर कहे
हम आपके बिना रह नही सकते!
अपनी दोस्ती कोइ पेप्सी नही, जो दिल मांगे मोर
नीरमा नही जो पहेले इस्तमाल करो, फीर विस्वास करो
अपनी दोस्ती तो LIC है,जिन्दगीके साथभी, जिन्दगीके बादभी! લેખકઃ અજ્ઞાત

जब गुजर जायेगी बहार तो क्या करोगे?
याद आयेगा मेरा प्यार तो क्या करोगे?
सताते हो ऐसे जैसे अजनबी हुं मै
जब रुठेगा यार तुमसे तो क्या करोगे?
अपनाओगे किसी औरको मुझे तन्हा छोडकर!
उसे न होगा प्यार तुमसे तो क्या करोगे?
आखीर लौट आओगे मेरी रांहो पे
फीर मीलेगा ना पहेला प्यार तो क्या करोगे?
अभी तो हस्ते हो मेरी वफाओपे "मोहसीन"

यार फीर रोनाभी होगा बेकार तो क्या करोगे?----- चयन जैन

तुम्हारी याद आइ तो मै रो पडा
लेकीन जब तुम आइ तो दील रो पडा
मेरे दीलमे एक गहरा दाग है
मेरा दील एक जलता हुआ चीराग है!--------- વિપુલ દેસાઇ

ये एक्झामके किस्सेभी अजिब होते है!
सब अपने अपने नशीब होते है!
रहते हे जो निगाहोसे दुर,
साले वोहि क्वेसच्न कम्पलसरी होते है!

तेरे प्यार मे रूस्वा होकर,जाये कहा हम दीवाने लोग
जाने क्या क्या पुछ रहे है, ये जाने पहेचाने लोग!

जीवनमे सफल होने के लीये तीन फेक्टरी लगाओ
१) दीमागमे आइस फेक्टरी
२) जुबान पे सुगर फेक्टरी
३) दील मे लव फेक्टरी
फीर लाइफ होगी सेटीस्फेक्टरी

एक दीन सागरने नदीसे पुछा
कब तक मील्ती रहोगी मुझ खारे जलसे?
नदी ने हसकर कहा,
जब तक तुझमे मीठासना आजाये तब तक

उसको कहते है संबंध!

दोस्ताना अंदाजमे मुझसे कीसीने पुछा,
तुम सबको sms भेजते हो? तुम्हे क्या मीलता है?
मै ने हसकर कहा, देना-लेना तो व्यापार है,
जो देकर कुछ ना मांगे, वो ही तो प्यार है!

चहेरेकी हसी से हर गम छुपावो,
बहुत कुछ बोलो पर कुछ न बतावो,
खुद ना रूठो कभी, पर सबको मनावो
ये राझ हे जींदगीका, बस जीते चले जाओ.

जिन्दगी ये किस मोड पे ले आयी है
जिन्दगी ये किस मोड पे ले आयी है ,
ना मा, बाप, बहन , ना यहा कोई भाई है .
हर लडकी का है Boy Friend, हर लडके ने Girl Friend पायी है ,
चंद दिनो के है ये रिश्ते , फिर वही रुसवायी है .

घर जाना Home Sickness कहलाता है ,
पर Girl Friend से मिलने को टाईम रोज मिल जाता है .
दो दिन से नही पुछा मां की तबीयत का हाल ,
Girl Friend से पल - पल की खबर पायी है,
जिन्दगी ये किस मोड पे ले आयी है .....

कभी खुली हवा मे घुमते थे ,

अब AC की आदत लगायी है .
धुप हमसे सहन नही होती ,
हर कोई देता यही दुहाई है .

मेहनत के काम हम करते नही ,
इसीलिये Gym जाने की नौबत आयी है .
McDonalds, PizaaHut जाने लगे,
दाल- रोटी तो मुश्कील से खायी है .
जिन्दगी ये किस मोड पे ले आयी है .....

Work Relation हमने बडाये ,
पर दोस्तो की संख्या घटायी है .
Professional ने की है तरक्की ,
Social ने मुंह की खायी है.
जिन्दगी ये किस मोड पे ले आयी

कोशिश करने वालो की हार नहीं होती!
लहरों से डर कर नौका पार नहीं होती,
कोशिश करने वालो की हार नहीं होती !

नन्ही चींटी जब दाना लेकर  चलती है,
चढ़ती दीवारों पर सौ बार फिसलती है,
मन का विश्वास रगों मे साहस भरता है,
चढ़कर गिरना, गिरकर चढ़ना न अखरता है,
आखिर उसकी मेहनत बेकार नहीं होती,
कोशिश करने वालो की हार नहीं होती !

दुबकिया  सिन्धु में गोताखोर  लगाता है,
जा जाकर खाली  हाथ लौट आता है,
मिलते न सहज ही मोती गहरे  पानी में
बढ़ता दूना उत्त्साह इसी हैरानी में,
मुट्ठी उसकी खाली  हर बार नहीं होती,
कोशिश करने वालो की हार नहीं होती !

असफलता एक चुनौती है - स्वीकार करो,
क्या कमी रह गई देखो और सुधार करो,
जब तक  सफल हो नींद चैन की त्यागो तुम,
संघर्षो का मैदान छोड़ मत भागो तुम,
कुछ किये बिना ही जयजयकार नहीं होती,
कोशिश करने वालो की हार नहीं होती!

दरीयां वफाओके कभी रुकता नही
मोहोबत्तमे इन्सान कभी झुकता नही
खामोस है हम उनकी खुसीके लीये
वो समझ बैठी है की दील हमारा दुखता नही

जिन्दगी के कुछ लम्हे , यादगार होते है
यादो मे कुछ लोग , खास होते है
यु तो वो दुर होते है नजरोसे
पर उनके एहसास , दिलके पास होते है - दीलीप चेवली

ઊપડતી જીભ અટકે છે, હ્દય પર ભાર લાગે છે,

પ્રણયની વાત છે, કહેવામાં થોડી વાર લાગે છે
ઘણા વર્ષો થયાં, હું આ શહેરમાં હૂંફ શોધું છું
અહીં જેને મળુ છું, સાવ ઠંડોગાર લાગે છે
ફડક ડૂબી જવાની મનમાં પેસી જાય છે ત્યારે
તણખલું એક પણ દેખાય તો આધાર લાગે છે
ટકોરા મારવા દે, શક્ય છે એનું ઉઘડવું પણ
તું જેને ભીંત સમજ્યો છે, મને એ દ્વાર લાગે છે
સૂરજ સાથે મિલાવી આંખ એની આ અસર થઈ છે
બીજે ક્યાંયે નજર નાખું છું, બસ અંધાર લાગે છે
નયનમાં અશ્રુ આવે છે તો એ વાતે હસી લઉં છું
ચલો ક્યારેક તો આ આંખ પાણીદાર લાગે છે!
- હેમંત પુણેકર

નયનમાં અશ્રુ આવે છે તો એ વાતે હસી લઉં છું
ચલો ક્યારેક તો આ આંખ પાણીદાર લાગે છે!

ક્યાં સુધી એને છુપાવી રાખીએ ?
જે હ્રદયમાં, આજ બોલી નાખીએ.
હાથમાં લઈ હાથ, આંખોમાં વફા
દ્વાર દિલનાં આજ, ખોલી નાખીએ.
પ્રીતના ઉન્માદની મ્હેંકે ભર્યા
શ્વાસમાં શ્વાસો ઝબોળી નાખીએ
લોક એને છો કહે પાગલપણું,
એ ડહાપણ આજ ડહોળી નાખીએ.
રોજ મળીએ આપણે જૂદાં થઈ,
તાર મનનાં એમ જોડી નાખીએ.
પ્રેમમાં ‘ચાતક’ મળે ગહેરાઈ તો
લો, કિનારાનેય તોડી નાખીએ
- દક્ષેશ કોન્ટ્રાકટર ‘ચાતક’

એવું નથી કે એ છુપાવવા ની ક્ષમતા નથી,
પણ દિલ માં જ રહે એ દર્દ ગમતા નથી....

એવું કરીશું તો કદાચ ખુદા બની જઇશું,
પણ સમય ને માન આપી અમે હસતા નથી....

બની શકે કે મારી ગઝલો પણ નિષ્ફળ રહે,
જે વીતી ગયું છે એ બધું અમે લખતા નથી....

મૌન ને જ અંતિમ પડાવ માની લીધો છે,
એ કંઇ કહેતા નથી, કે અમે કંઇ પૂછતા નથી....!!!!

-ફેસબૂકમાંથી...

હું હવે થાકી ગયો છું માણસોથી , રાતને દીવસ સતત એ કંઈને કંઈ માગ્યા કરે
બંધ આંખે, હાથ જોડે, શીશ ઝુકાવે, ઘુંટણીયાભેર થઈ જઈને પગે લાગ્યા કરે
હું હવે થાકી ગયો છું માણસોથી ........
ધુપને દીવા કરે, પુજન કરે, અર્ચન કરે છે ને કથાકીર્તન, હવન–હોળી કરે,
મારી સર્જેલી બધી વસ્તુઓથી લલચાવે, મને ફળફુલ, નૈવેદ ને શ્રીફળ ધરે
માગણીની રોજ માળા ફેરવે, મણકા ગણે ને કોથળીમાં હાથ સંતાડ્યા કરે
હું હવે થાકી ગયો છું માણસોથી ........
આ સકળ બ્રહ્માંડ ચૌદે લોકમાં નીવાસ મારો છે ધરા, પાતાળ ને આકાશમાં
તો પણ મને પુરે છે મંદીર – મસ્જીદોની જેલમાં, છું હું ઘણાં યુગોથી કારાવાસમાં,
હું એક ઉર્જારુપ છું પણ સૌ અલગ નામે, અલગ રુપે હજારો ધર્મને સ્થાપ્યા કરે...
હું હવે થાકી ગયો છું માણસોથી
માણસો સર્જીને કીધી ભુલ મેં, આજે જુઓ એ મુર્તીઓ મારી જ સર્જે છે *
હવે એ ડુબાડે છે, વીસર્જન પણ કરે છે, ઉત્સવો નામે સતત ઘોંઘાટ ગર્જે છે હવે...*
રોડ પર કાઢીને શોભાયાત્રા, ડીસ્કોને ડીજે. તાલમાં જાહેરમાં નાચ્યા કરે...*
હું હવે થાકી ગયો છું માણસોથી...
માંગણી છે એડમીશન ને પરીક્ષામાં ટકા ને નોકરી–ધંધો,સગાઈને સીમંત
બંગલોને કાર, સીદ્ધી–સંપત્તી ને રોગમુક્તી, એવી અઢળક માંગણોઓ છે અનંત

**એ મંત્રેલા દોરાધાગાઓ અને તાવીજ બાંધી મારી કાયમ માનતા માન્યતા કરે**
**હું હવે થાકી ગયો છું માણસોથી...**

આ કેવી સુંદર જેલ છે, જેમાં સળિયા નથી.
સેન્ટ્રલ હિટીંગ છે, પણ તાજી હ્વા નથી.

બહાર વૃક્ષો દેખાય છે, ઉપર એક પણ પાંદડું નથી.
કુદરતે સફેદ ચાદર પાથરી છે, બીજો કોઈ રંગ પણ નથી.

રસ્તા પર માણસો જોવા છે, પણ બહાર ચકલુંય નથી.
નાહીને તૈયાર થવું છે, પણ નહાવાનું મન નથી

પેરોલ પર ફરવા નીકળવું છે, પણ નીકળાતું નથી.
એકસ્ટ્રીમ કોલ્ડ એલર્ટ છે, જવાય તેમ પણ નથી.

આખો દિવસ ટીવી સામે બેસું છું, પણ મજા નથી.
સરાઉંડ સાઉન્ડ છે, પણ પંખીઓના કલરવ નથી.

આ વેધરમાં જામ છલકાવા માટે પણ કોઈ કંપની નથી.
ગોદડા ઘરણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

શૂન્યમાંથી સર્જન કરવા ‘મુસાફિર’ ને કવિતા લખવી છે.
કાગળ છે, પણ અસહ્ય ઠંડીમાં કલમ પકડાતી નથી.

**નિધીશ દલાલ ‘મુસાફિર’**

## જુદા જુદા રોજગારમાં રોકાયેલ વ્યક્તિ પોતાના પ્રેમનો

# એકરાર પોતાની ભાષામાં કેવી રીતે વ્યક્ત કરે છે

## સુથાર

છોલવું કારણ વિના એ એમની લત હોય છે
પ્રેમનો રંધો નવો ને રોજ કસરત હોય છે
છે ટકાઉ સાગ જેવું દિલ છતાં વ્હેરાય છે
એમની પાસે નજરની એક કરવત હોય છે

## લુહાર

ઘણની સાથે કોની જોડી હોય છે ?
લાગણી ટીપી ને તોડી હોય છે
બેવફા તારા હ્રદયની એરણે –
રોજ બદલાતી હથોડી હોય છે !

## ટપાલી

તારી ગલીમાં જાતને વેચ્યા કરું છું હું
તારા પ્રણયના બોજને ખેંચ્યા કરું છું હું
કોની કૃપાથી હું ઘસું છું તારા ઉંબરા ?
પત્રો લખે છે કોક ને વહેંચ્યા કરું છું હું !

## ટાલ ધરાવનાર

હું ઘસાયો એકલો ને તું સદા વ્હેતી ગઈ
'લ્યો લપસજો' કહીને લીસ્સા ઢાળ તું દેતી ગઈ
તેં દિધેલો કાંસકો ઝાલીને હું બેસી રહ્યો
બેવફા તું મસ્તકેથી વાળ પણ લેતી ગઈ !

## સેલ્સમેન

સાવ રીઝનેબલ અમારા રેટ છે

પ્રેમપત્રોનું અસલ પેકેટ છે
હર સિઝનમાં ચાલતી પ્રોડક્ટ આ –
વાપરો તો દિલ મફતમાં ભેટ છે.

## પાયલોટ

રન-વે પ્રણયનો વ્યસ્ત છે, પ્લેનો હજાર છે
તારી નજરનો જોકે જુદેરો પ્રકાર છે
જગ્યા તો તરત થઈ જશે, તું લેન્ડ કરી જો
સિગ્નલ સતત ઝીલે છે, હૃદયનું રડાર છે.

## દરજી

ગાજ-ટાંકામાં નવું શું ? રોજ એ કરતો રહું ?
પ્રેમનો ગ્રાહક મળે તો રોજ છેતરતો રહું
આમ તો કાતર જૂની છે, તોય રઘવાયી રહે
પારકા તાકા મળે તો રોજ વેતરતો રહું !

## પોલીસ

હથકડી હૈયાની નહીં તૂટી શકે !
મુજ વિના કોઈ નહીં લૂંટી શકે !
તું ભલે ઝડપાઈ મારા પ્રેમમાં –
પણ વગર હપ્તે નહીં છૂટી શકે !

## ઈંગ્લીશ બોલતો ગુજરાતી

ફિલ્ડ છે લવનું ડીયર, તું ફલર્ટ કર ને ફ્લાય કર
તન થયું ટાયર્ડ, તો તું મનને મેગ્નીફાય કર
પ્રેમમાં ઈનફેક્ટ, યુ સી, ન્હોય પરમેનન્ટ કૈં
તુંય થા બીઝી ગમે ત્યાં, ને ગમે ત્યાં ટ્રાય કર !

## દૂરદર્શનનો ઉદ્દઘોષક

પ્રેમનું આ છે પ્રસારણ દિલની ચેનલ વન ઉપર
હે પ્રિયે ચેનલ બદલ ના વાત લેજે મન ઉપર
ખેંચ ના સિરિયલ હવે સંબંધની દર્શને
એક એપિસોડ તો કર પાસના દર્શન ઉપર

## ક્રિકેટર

છે પ્રિયે લિમિટેડ ઓવર્સ, ને પ્રણયની ખેંચ છે
ડેડ-પીચ પર ચાલતી આ એક વન-ડે મેચ છે
થઈ અમ્પાયરને વચમાં નાંખ ના, આ પ્રેમ છે
આપણો સંબંધ શું છૂટી ગયેલો કેચ છે ?
લેખક:અજ્ઞાત

ફૂલો કી વાદીઓમે બસેરા હો આપકા
સિતારો કે આંગનમેં બસેરા હો આપકા
દુઆં હે હમારી કી સારે જહાનમેં સબસે ખુબસુરત સવેરા હો આપકા

એ દોસ્તી કે રિસ્તે ભી અજીબ હોતે હે, સબ અપને અપને નશીબ હોતે હે
રહેતે હે જો નિગાહો સે દૂરે, વહી દિલ કે કરીબ હોતે હે!

કોશિશ કરો કોઈ આપશે ના રૂઠે, જિંદગીમે આપકા સાથ ના છૂટે
રિસ્તા કોઈ ભી હો, ઉસે ઐસે નીભાઓ કી ઉસ રિસ્તે કી ડોર જિંદગીભર ના તૂટે!

પ્યારકી તડપ કો દિખાયા નહિ જાતા, દિલમે લગી આગકો બુઝાયા નહિ જાતા
લાખ જુદાઈ હો પ્યારમે, મગર જિંદગીકા પહેલા પ્યાર ભુલાયા નહિ જાતા!

એક છોટીસી ફીશને અપની માં સે પૂછા, હમ પાનીમે કયો રહેતે હે? જમીન પે કયો નહિ?
ઉસકી માને હંસકર કહા, હમ ફીશ હે ઇસીલિયે પાનીમે રહેતે હે.
જમીન પર તો સબ સેલફીશ રહેતે હે!

**Kisi khush nasib ki takdir hay aap, khwabo say saji tasvir hay aap, aur kaya kahu apki shaan mai, humaray hato mai dosti ki ek pyari see lakir hay aap.**

**Khuda ki ibadat humnay bahut ki hogi, tabhi to usnay apki dosti humay tohfay mai dee hogi, hum nahi kehtay achay karam humnay he kiye hongay, thori mehnat to apnay bhi ki hoti.**

**Savan nay bhi kisi say pyar kiya tha, usnay ussay baadal ka naam diya tha, rotay thay dono ek doosray ki judai may, aur logo nay ussay barish ka naam diya tha.**

**Mainay aansu say pucha, kyon mera mazak banatay ho, subkay samnay he chalay aatay ho. Ansu bollay, mehfil mai bhi apko tanha paatay hay, isiliye sath daynay challay aatay hay.**

**Ehsaan nahi ehsas hay dosti, zindgi kay imtehan may ek mukam hay dosti, jaan dayna koi badi baat nahi, umar bhar sath nibhanay ka naam hay dosti.**

**Rukti dharkan ki sans hay aap, bhujti nazro ki pyas hay aap, tarasti zindgi ki aas hay aap, phir kaisay na khanu ki zindgi may subsay khas hay aap.**

**Dosti karo itni ki hud na rahay, intezar karo itna ki waqt na rahay, bharosa karo itna ki shaq na rahay, aur apna samjho itna ki aur kisi ka haq na rahay.**

**Gum bhi zindgi ki ek story hay, musafir phir bhi tera zeena zaruri hay, mat ho zindgi say khafa, teri zindgi kay bina ek aur zindgi adhuri hay.**

**Kisi ko itna mat chaho ki usko khud pay garur ho jaaye, kisi say itna mat rutho ki woh door ho jaye, per her rishtay may itni mithas bhar do ki samnay walla apki chahat may choor-choor ho jaye.**

**Zindgi ki hakikat sirf itni hoti hay, jub jagta hay insan to kismat soti hay, insan jispay apna haqa subsay zyada samjhta hay, woh amanat kis aur ki hoti hay.**

**Dil agar CPU hota to sabhi yaadon ko save ker saktay. Dimag may agar Printer hota to khayalo ka print-out nikal daytay. Dharkan may agar Pen-drive hota to jindgi ka back lay laytay. Mun may jo Bluetooth hota to baaton ko transfer ker laytay. Ankhon may jo Webcam hota to tasviro ko receive ker saktay. Kash zindgi bhi ek Computer hoti to ussay bhi restart ker laytay.**